# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું - પહેલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે.

2) આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં, પ્રધાનમંત્રીએ કહ્યું - આ હુમલો આતંકવાદના આકાઓની હતાશા અને કાયરતા દર્શાવે છે.

3) કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું કે મોદી સરકાર આતંકવાદનો અંત લાવવા દરેક મોરચે કાર્યવાહી કરી રહી છે.

4) ઉત્તરાખંડ સરકારે ચાર ધામ અને હેમકુંડ સાહિબ યાત્રા માટે 77 પાકિસ્તાની નાગરિકોની નોંધણી રદ કરી.

5) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ગવઈએ ગુજરાતના એકતાનગરમાં ભારતના બંધારણને સમાનતા અને સમરસતાનું પ્રતિબિંબ ગણાવ્યું.

6) એક દિવસીય મહિલા ક્રિકેટ મેચમાં ભારતે શ્રીલંકાને નવ વિકેટે હરાવ્યું: IPL માં, મુંબઈ ઇન્ડિયન્સે લખનઉ સુપર જાયન્ટ્સ સામે 54 રનથી જીત મેળવી.

.......................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MANN KI BAAT-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે પહલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે. આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું કે આ હુમલો આતંકવાદના આકાઓની હતાશા અને કાયરતા દર્શાવે છે.

## (BYTE : PM ON TERRORISM)

પ્રધાનમંત્રીએ કહ્યું કે આતંકવાદ સામેની આ લડાઈમાં સૌથી મોટી તાકાત દેશ અને 140 કરોડ ભારતીયોની એકતા છે. તેમણે કહ્યું કે આ એકતા આતંકવાદ સામે નિર્ણાયક લડાઈનો આધાર છે.

ઇસરોના પૂર્વ વડા ડૉ. કે. કસ્તુરીરંગનને શ્રદ્ધાંજલિ આપતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશે એક મહાન વૈજ્ઞાનિક ગુમાવ્યા છે.

શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે આ વર્ષે એપ્રિલમાં આર્યભટ્ટ ઉપગ્રહના પ્રક્ષેપણની ૫૦મી વર્ષગાંઠ છે. તેમણે કહ્યું કે ૫૦ વર્ષની આ યાત્રા ફક્ત હિંમતથી શરૂ થઈ હતી. શ્રી મોદીએ કહ્યું કે તે સમયના યુવા વૈજ્ઞાનિકો પાસે ન તો આધુનિક સંસાધનો હતા કે ન તો વિશ્વની ટેકનોલોજીની પહોંચ.

શ્રી મોદીએ કહ્યું કે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ છે. તેમણે કહ્યું કે PSLV-C 23 ના લોન્ચિંગને જોઈને તેમને ગર્વ થયો. ગયા મહિને મ્યાનમારમાં આવેલા ભૂકંપનો ઉલ્લેખ કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતે રાહત અને બચાવ કામગીરી માટે તાત્કાલિક ઓપરેશન બ્રહ્મા શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે વાયુસેનાના વિમાનો અને નૌકાદળના જહાજો દ્વારા પડોશી દેશને તમામ પ્રકારની મદદ મોકલવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ આફ્રિકન દેશ ઇથોપિયામાં ભારતીય ડાયસ્પોરાના નવીન પ્રયાસોની પણ ચર્ચા કરી.

# PM MANN KI BAAT-2

પ્રધાનમંત્રીએ કહ્યું કે હવે પૂર, ચક્રવાત, ભૂસ્ખલન, સુનામી, જંગલમાં આગ અને હિમપ્રપાત જેવી કુદરતી આફતોના કિસ્સામાં લોકો તેમના મોબાઇલ પર સચેત એપની મદદથી મદદ માંગી શકે છે.

**(BYTE : PM ON SACHET APP)**

પ્રધાનમંત્રીએ કહ્યું કે થોડા સમય પહેલા તેમણે ગુજરાત સાયન્સ સિટીમાં સાયન્સ ગેલેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ગેલેરી આધુનિક વિજ્ઞાનની ક્ષમતાઓ અને વિજ્ઞાન આપણા માટે કેટલું બધું કરી શકે છે તેની ઝલક આપે છે. તેમણે ખુશી વ્યક્ત કરી કે બાળકો આ ગેલેરી પ્રત્યે ખૂબ જ ઉત્સાહિત છે. શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે વિજ્ઞાન અને નવીનતામાં વધતો રસ ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે 5 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસના રોજ, “એક પેડ માં કે નામ” અભિયાનને એક વર્ષ પૂર્ણ થશે.

**(BYTE : PM ON EK PED MAA KE NAAM)**

શ્રી મોદીએ કહ્યું કે સાબરમતી રિવર ફ્રન્ટ અને કાંકરિયા તળાવ જેવા કેટલાક તળાવોના પુનર્નિર્માણને કારણે આ વિસ્તારમાં પાણીના જળાશયોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. શ્રી મોદીએ કહ્યું કે, અમદાવાદ છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્લોબલ વોર્મિંગ સામે લડી રહેલા થોડા મોટા શહેરોની યાદીમાં જોડાયું છે. તેમણે દેશવાસીઓને પોતાના બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે વૃક્ષો વાવવા અપીલ કરી.

# Bihar Meghwal

કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે આજે જણાવ્યું હતું કે મોદી સરકાર આતંકવાદનો અંત લાવવા માટે દરેક મોરચે કાર્યવાહી કરી રહી છે.

પટણામાં મીડિયા સાથે વાત કરતા શ્રી મેઘવાલે કહ્યું કે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશમાં ઊંડુ દુ:ખ અને ગુસ્સો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીએ બિહારની ધરતી પરથી જાહેરાત કરી છે કે નિર્દોષ પ્રવાસીઓને મારનારાઓને બક્ષવામાં આવશે નહીં. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદી એ વાત પર દૃઢનિશ્ચયી છે કે આતંકવાદીઓ જ્યાં પણ છુપાયેલા હશે, તેમને ચોક્કસ સજા મળશે અને હુમલો કરનારા અને તેમના આકાઓને પણ કડક સજા મળશે.

શ્રી મેઘવાલે કહ્યું કે અમે પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરી રહ્યા છીએ અને સિંધુ જળ સંધિને મુલતવી રાખવામાં આવી છે, આ એક વ્યાપક કાર્યવાહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Char Dham-Pak

ઉત્તરાખંડ સરકારે ચાર ધામ અને હેમકુંડ સાહિબ યાત્રા માટે નોંધણી કરાવનારા 77 પાકિસ્તાની નાગરિકોની નોંધણી રદ કરી છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે. રાજ્યના પર્યટન અને સંસ્કૃતિ મંત્રી સતપાલ મહારાજે આ જાહેરાત કરી હતી.

શ્રી સતપાલ મહારાજે સરકારના વલણને સ્પષ્ટ કર્યું અને કહ્યું કે પર્યટન અને આતંકવાદ એકસાથે ચાલી શકે નહીં. તેમણે બધા ભક્તો માટે સલામત અને આધ્યાત્મિક રીતે સંતોષકારક અનુભવ સુનિશ્ચિત કરવા માટે રાજ્યની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

શ્રી મહારાજે એમ પણ જણાવ્યું હતું કે ચાર ધામ યાત્રાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં, 22 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ઓનલાઈન નોંધણી કરાવી છે, જેમાં 185 દેશોના 25 હજારથી વધુ આંતરરાષ્ટ્રીય શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે.

યાત્રાધામોમાં સરળ કામગીરી સુનિશ્ચિત કરવા માટે, સરકારે હેલિકોપ્ટર ટિકિટના કાળાબજાર અને અનધિકૃત રીતે પાર્કિંગ ફી વસૂલવાથી બચવા માટે કડક સૂચનાઓ જાહેર કરી છે.

આ યાત્રા માટે ઓફલાઇન નોંધણી આવતીકાલથી શરૂ થશે. યાત્રાળુઓને મદદ કરવા માટે હરિદ્વાર, ઋષિકેશ, વિકાસનગર અને હર્બર્ટપુર ખાતે સમર્પિત કેન્દ્રો સ્થાપવામાં આવ્યા છે.

# BJP-Congress

ભારતીય જનતા પાર્ટીના નેતા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસ પર પહલગામ આતંકવાદી હુમલા પર રાજકારણ કરવાનો અને પાકિસ્તાનને ટેકો આપવાનો આરોપ લગાવ્યો છે.

આજે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી ભંડારીએ કહ્યું કે કોંગ્રેસ એવા નિવેદનો આપી રહી છે જે પીડિતોનું અપમાન કરે છે અને પાકિસ્તાનને મદદ કરે છે. તેમણે દાવો કર્યો કે કર્ણાટકના કોંગ્રેસ નેતાઓએ એવા દાવા કર્યા છે કે આતંકવાદીઓએ ધર્મ વિશે પૂછ્યું જ નથી. આ રાજકારણ કરવાનો સમય નથી. આ સમયે દેશે એક થઈને પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવો જોઈએ.

# maharashtra nadda

આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે જણાવ્યું હતું કે ભારત કેન્સરની સારવારમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે, જેમાં મોટા પાયે સારવાર કેન્દ્રો સ્થાપવા અને સમયસર નિદાનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ ધ લેન્સેટના અહેવાલને ટાંકીને તેમણે કહ્યું કે સરકારના પ્રયાસોને કારણે, ભારતમાં 90 ટકા કેન્સરના દર્દીઓ નિદાનના 30 દિવસમાં સારવાર મેળવી રહ્યા છે, જે વૈશ્વિક સ્તરે એક વિક્રમ છે. મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં સરકારી કેન્સર હોસ્પિટલમાં અત્યાધુનિક ટ્રુ બીમ યુનિટ અને વિસ્તૃત કેન્સર સંસ્થાનું ઉદ્ઘાટન કરતી વખતે શ્રી નડ્ડાએ આ વાત કરી.

તેમણે કહ્યું કે આજે દેશભરમાં સાતસો એંસી મેડિકલ કોલેજો કાર્યરત છે. સરકાર તબીબી શિક્ષણ અને આરોગ્ય સેવાઓ માટે ભંડોળની કોઈ અછત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

શ્રી નડ્ડાએ કહ્યું કે દેશમાં એક લાખ 75 હજાર આયુષ્યમાન આરોગ્ય મંદિરોની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્રો ખાસ કરીને ઓરલ અને સ્તન કેન્સરના પ્રારંભિક નિદાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. આનાથી દર્દીઓને સમયસર રોગોનું નિદાન અને સારવાર કરવામાં મદદ મળી રહી છે.

શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે 15મા નાણાપંચ હેઠળ, આરોગ્ય. સેવા માટે 7 હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ખાસ કરીને આયુષ્માન ભારત આરોગ્ય વીમા યોજના દ્વારા, સાત કરોડ વરિષ્ઠ નાગરિકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળી રહી છે.

# NARMADA JUSTICE GAVAL

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ બી.આર.ગવઈએ ભારતના બંધારણને સમાનતા અને સમરસતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. સર્વને સમાન ન્યાય અને ન્યાય સમક્ષ સૌની સમાનતા એ ભારતીય બંધારણનો મૂળભૂત મંત્ર છે. રાજકીય, સામાજિક, આર્થિક સમાનતા એ ડો.બાબાસાહેબ આંબેડકરનું દ્રષ્ટિકોણ હતું.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા-સત્તામંડળ દ્વારા નર્મદાના એકતાનગર ખાતે યોજાયેલા મેગા લીગલ અવેરનેસ એન્ડ એમ્પાવરમેન્ટ કેમ્પમાં શ્રી ગવઈએ આમ જણાવ્યું હતું. પોતાના કાયદાકીય અધિકારોથી છેવાડાનો દરેક માનવી અવગત થાય અને જરૂરી કાનૂની માર્ગદર્શનથી વંચિત ન રહે, દરેકને કાયદાનું સમાન રક્ષણ મળે તે દિશામાં લીગલ કેમ્પના માધ્યમથી સાર્થક પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જણાવી શ્રી ગવાઈએ કહ્યું કે, લીગલ અવેરનેસ કેમ્પ એક પુલનું કામ કરે છે, જે સામાન્ય માણસ અને ન્યાયતંત્ર વચ્ચેનું અંતર ઘટાડે છે.

આ કેમ્પમાં કાનૂની અધિકારો અને સરકારી યોજનાઓ અંગે આદિવાસી નાગરિકોને જાગૃત્ત કરાયા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ન્યાયાધીશોના હસ્તે વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય, લાભોનું વિતરણ કરાયું હતું.

# Dr. Kasturirangan-Funeral

જાણીતા અવકાશ વૈજ્ઞાનિક, ઈસરોના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય ડૉ. કે. કસ્તુરીરંગનનાં આજે બેંગલુરુમાં સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. ગયા શુક્રવારે તેમનું અહીંના નિવાસસ્થાને અવસાન થયું. રમન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે અનેક મહાનુભાવોએ દિવંગત વૈજ્ઞાનિકને શ્રદ્ધાંજલિ આપી. બેંગલુરુમાં રમન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે આયોજિત આ ગૌરવપૂર્ણ સમારોહમાં રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, ઈસરોના અધ્યક્ષ ડૉ. વી. નારાયણન સહિત અનેક મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી.

# women's cricket

ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી મહિલા ક્રિકેટ ત્રિકોણીય શ્રેણીની પહેલી મેચમાં આજે ભારતે શ્રીલંકાને નવ વિકેટથી હરાવ્યું. વરસાદના કારણે મેચ 39 ઓવરની કરવામાં આવી હતી. પ્રથમ બોલિંગ કરતા, ભારતે શ્રીલંકાને પાંચ બોલ બાકી રહેતા 147 રનમાં ઓલઆઉટ કરી દીધું. ભારત તરફથી પોતાની પ્રથમ મેચ રમી રહેલી સ્નેહ રાનીએ ત્રણ જ્યારે શ્રી ચરણી અને દીપ્તિ શર્માએ બે-બે વિકેટ લીધી. જવાબમાં, ભારતીય ટીમે 29 ઓવર અને 4 બોલમાં માત્ર એક વિકેટ ગુમાવીને 149 રન બનાવીને મેચ જીતી લીધી. ભારત તરફથી પ્રતિકા રાવલે અણનમ 50 અને હરલીન દેઓલે અણનમ 48 રન બનાવ્યા જ્યારે સ્મૃતિ મંધાનાએ 43 રનનું યોગદાન આપ્યું.

# IPL CRICKET

IPL ટી-20 ક્રિકેટમાં, **મુંબઈના વાનખેડે સ્ટેડિયમ રમાયેલી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સે લખનઉ સુપર જાયન્ટ્સ સામે 54 રનથી જીત મેળવી છે. મુંબઈ ઇન્ડિયન્સે આપેલ 216 રનના લક્ષ્યાંકનો પીછો કરતા લખનઉ સુપર જાયન્ટ્સ 161 રનમાં ઓલઆઉટ થયું હતું. મુંબઈ ઈંડિયન્સ તરફથી રિકલ્ટન અને સૂર્યકુમાર યાદવે અડધી સદી ફટકારી હતી.**

જ્યારે અન્ય એક મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર બેંગલુરુ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ રહી છે, જેમાં રોયલ ચેલેન્જર બેંગલુરુએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે દિલ્હી કેપિટલ્સના 4.4 ઓવરમાં 2 વિકેટે 44 રન થયા છે.